પૃ. ૫ દિવ્યભાસ્કર, 21.10.18

# ચોપાટી ખાતે સરદાર વંદના કરી એકતા યાત્રાને લીલીઝંડી અપાઈ

## સ્ટેચ્યુ ઓફ યુનિટી ભારતની એકતાના દર્શન કરાવે છે : કણજારીયા

ભાસ્કર ન્યૂઝ | પોરબંદર

પોરબંદરની ચોપાટી ખાતે યોજાયેલ એકતા રથયાત્રાના પ્રસ્થાન સમયે મેઘજીભાઈએ એવું જણાવ્યું હતું કે સરદાર વલ્લભભાઈ પટેલે દેશને એકતાંતણે બાંધી વિરાટ કાર્ય કર્યું હતું. વર્ષ 2010 માં અખંડ ભારતના શિલ્પી ગુજરાતના સપુત,લોખંડી પુરૂષ તથા એક ભારત શ્રેષ્ઠ ભારતના સ્વપ્નદ્રષ્ટા વલ્લભભાઈ પટેલની સૌથી ઉંચી પ્રતિમા સરદાર સરોવર ડેમ નજીક નિર્માણ કરવાનું સ્વપ્ન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સેવ્યું હતું.



આ ઐતિહાસિક કાર્યની આધારશિલા રાખવામાં આવી હતી અને ગુજરાતને ટુંકા સમયમાં સૌથી ઉંચી સરદાર સાહેબની 182 મીટરની પ્રતિમાનું નિર્માણ કરી વડાપ્રધાનના સ્વપ્નને સાકાર કર્યું છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી ભારતની એકતાનું દર્શન કરાવે છે તેવું પણ જણાવ્યું હતું. સરદાર વંદના કરી એકતા યાત્રાને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવાયું હતું. આ એકતા યાત્રા જિલ્લાભરના 4 શહેરો અને 89 ગામોમાં ફરશે જ્યાં સરદાર પટેલના જીવનસંદેશ અંગે લોકોને માર્ગદર્શન અપાશે. સાથોસાથ રાત્રી રોકાણ થશે તે ગામોમાં ખેડૂત સભા પણ યોજાશે. આ તકે ધારાસભ્ય બાબુભાઈ બોખીરીયા, જિલ્લા પંચાયતના પ્રમુખ નિલેષભાઈ મોરી, નગરપાલિકાના પ્રમુખ અશોકભાઈ ભાદ્રેચા, ડો. ચેતનાબેન તિવારી વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.